લેખક – એડવોકેટ પ્રશાંત અજમેરા

E-mail : prashant@ajmeralaw.com

Mo. +91-9898698184

**કીડનીના અંગદાન અને પ્રત્યારોપણમાં નવી કાયદાકીય ગુંચવણ અને જટીલતા**

આપણી હિન્દુ કથાઓ પ્રમાણે સૌ પ્રથમ અંગનું પ્રત્યાશરોપણ ભગવાન ગણેશને કરવામાં આવ્યું હતું. હિન્દુ ધર્મમાં અને અન્ય ધર્મમાં પણ અંગદાનને મહાદાન તરીકે માનવામાં આવેલ છે.

આ અંગદાન અને પ્રત્યારોપણ બાબતે છેલ્લા ૪૦–૫૦ વર્ષમાં વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે અને જેના કારણે આંખ, કીડની, હૃદય, ફેફસા, લીવર વગેરે અંગોનું દાન થઈ શકે છે અને એક વ્યકિત આઠ વ્યકિતને નવી જીંદગી આપી શકે છે.

ભારત સરકારે ૧૯૯૪ માં અંગદાનને અને ટ્રાન્સપ્લાન્ટ અંગેનો કાયદો દાખલ કર્યો છે. જેના કારણે ગેરકાનુની રીતે અંગો વેચવાનો અને ઓપરેશન કરવાનો જે ગેરકાયદેસર ધંધો ચાલતો હતો તેના ૫ર અંકુશ અને નિયંત્રણ આવે અને અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન થઈ શકે છે અને લાખો વ્યકિતઓને નવું જીવનદાન મળી શકે.

૨૦૧૫ માં આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મનકી બાત' માં અંગદાન અને કીડની ટ્રાન્સપ્લાન્ટની વાત કરી હતી. અને ત્યારબાદ ભારતના જુદા જુદા રાજયોએ ૧૯૯૪ નો ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ અને ઓર્ગન ડોનેશનના નિયમો ૨૦૧૪ માં બનાવવામાં આવ્યા તે અંગે કેન્દ્ર સરકાર સાથે

એમઓયુ કરી આ કાયદો દરેક રાજયમાં તેના હેલ્થ મીનીસ્ટ્રી ધ્વારા અને મુખ્ય સરકારી હોસ્પીટલ ધ્વારા લાગુ કરવામાં આવ્યા છે.

આ કાયદા અંતર્ગત કેન્દ્ર સરકાર એક રાષ્ટ્રીય સ્તરનું પોર્ટલ અને વ્યવસ્થા ઉભી કરવા માંગે છે, જેમાં જુદા જુદા અંગની એક રજીસ્ટ્રી ઉભી થાય, જેમાં અંગ દાન માટે રાહ જોતાં વ્યકિત પોતાનું નામ નોંધાવી શકે અને જયારે અને ત્યારે કોઈ અંગ ઉપલબ્ધ હોય ત્યારે તે વ્યકિતને અંગદાન આપી અને ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરી શકે અને તેને નવું જીવનદાન આપી શકાય. ભારતમાં ૨૮ રાજયમાં તામીલનાડુ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ રાજય આ કાયદો ૧૯૯૫ માં પોતાના રાજયમાં લાગુકરેલ હતો અને છેલ્લા ૫ – ૬ વર્ષમાં ભારતમાં લગભગ બધા જ રાજયમાં અંગદાન અંગેનો કાયદો લાગુ પાડવામાં આવેલ છે. જેમ જેમ હોસ્પીટલ અને ડોકટરો અંગદાન અને પ્રત્યારોપણના ઓપરેશન કરતા થયા આ કાયદાના અર્થઘટન ખુબ અને ખુબ જટીલ બનતા ગયા છે. જે અંગદાનનો કાયદો ખુબ જ સારા ઉદ્દેશ સાથે બનાવવામાં આવ્યો હતો પણ આ નવા કાયદા અને સાથે જુના કાયદાનું અર્થઘટન કરી અને એવી પરીસ્થીતી ઉભી થઈ છે કે અંગદાન માટે ભારતના ૨૮ રાજયના ૨૮ દેશ ઉભા થઈ ગયા છે.

ભારતમાં હાલમાં લાખો લોકો કીડનીના દર્દથી પીડાઈ રહયા છે અને તેના માટે તેઓ અઠવાડીયામાં બે કે ત્રણ વખત ડાયાલીસીસ કરાવવું જરૂરી છે. વર્ષો પહેલા આ ડાયાલીસીસની કિમત ખુબ વધારે હતી. જે હવે ઘટીને રૂા.૨૦૦૦/– થી

રૂા.૪૦૦૦/– એક ડાયાલીસીસના થાય છે. જે રકમ પણ મધ્યમ અને ગરીબ વર્ગને પરવડે તેમ નથી. આ માટે દેશમાં અનેક સંસ્થાઓ કામ કરી રહી છે.

આવા કીડની ફેઈલ થયેલ વ્યકિત બે રીતે કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી અને ડાયાલીસી વગર પોતાની સામાન્ય જીંદગી જીવી શકે છે.

(૧) વ્યકિતના લોહીની સગાઈવાળા વ્યકિત જેમ કે મા, બાપ, ભાઈ, બહેન, દર્દીને કીડનીનું દાન આપી શકે છે અને દર્દીને નવું જીવદાન આપી શકે છે. આને લાઈવ ઓર્ગન ડોનેશન કહેવામાં આવે છે. આવા દર્દીનું ઓપરેશન કરાવતા પહેલા નવા કાયદા પ્રમાણે અનેક દસ્તાવેજો રજુ કરવમાં આવે છે અને તેમાં કાયદાનું ખોટું અર્થઘટન કરી અને જરૂરી અને અનેક બીજરૂરી દસ્તાવેજો અને એફીડેવીટ માંગવામાં આવે છે.

આ દસ્તાવેજ ચકાસવાની જવાબદારી હોસ્પીટલ અને કાયદા ધ્વારા નિમાયેલ એથીકસ કમીટીને આપેલ છે. જેમાં દરેક રાજયોમાં એવી વ્યકિત કામ કરી રહેલ છે જેમાં જુદી જુદી હોસ્પીટલમાં કાયદાનું જુદુ જુદુ અર્થઘટન કરવામાં આવે છે અને જુદા જુદા બીનજરૂરી દસ્તાવેજો માંગવામાં આવે છે.

દરેક કેસ અને દર્દીને એ જ રીતે જોવામાં આવે છે કે જાણે દર્દી દસ્તાવેજો ખોટા ઉભા કર્યા છે. રાજય સરકારના જ એક ડીપાર્ટમેન્ટ ધ્વારા આપેલ જન્મ અને મરણના સર્ટીફીકેટ માન્ય રાખવામાં નથી આવતા અને વ્યકિતને તેના કુટુંબનું ફેમીલી ટ્રી, મેજીસ્ટ્રેટ પાસે બનાવવાનું કહેવામાં આવે છે. આ કેસમાં વ્યકિત અને તેનું કુટુંબ

**એક રાજયમાંથી બીજા રાજયમાં રહેવા ગયેલ હોય તે ફેમીલી ટ્રી કેવી રીતે આપી શકે ?**

**બીજુ દસ્તાવેજ રેશનકાર્ડ માંગવામાં આવે છે. પણ તે માત્ર ભારતની આર્થિક રીતે ગરીબ લોકોને જ રેશનકાર્ડ મળે છે તો જે વ્યકિત પાસે રેશન કાર્ડ ન હોય તો શું કરવું તેનો કોઈ જવાબ નથી.**

**આ કાયદાના અર્થઘટનની મુર્ખતા સરકાર ધ્વારા ત્યારે થાય છે જેમાં ભારતમાં રહેતા વ્યકિતના ભાઈ કે બહેન વિદેશનું નાગરીકત્વ ધરાવતા હોય અને ભારતમાં રહેતા તેના સગાને અંગ કે કીડનીનું દાન કરવા માંગતા હોય તો તે ભારતમાં જન્મેલ પણ હાલ વિદેશનું નાગરીકત્વ ધરાવતી હોય, તેમને તેમની સરકાર પાસેથી એવું સર્ટીફીકેટ લાવવાનું કહેવામાં આવે છે કે, તમારી વિદેશની એમ્બેસીને કહો કે તમારા ઓપરેશન કરવા માટે કોઈ વાંધો નથી અને તમો બંને લોહીની સગાઈ ધરાવતા સગા છો.**

**હકીકતમાં આ કાયદો બે વિદેશમાં જન્મેલ વ્યકિત માટે બનાવવામાં આવેલ છે. જેઓ ભારતમાં ઓપરેશન કરાવવા માંગે છે. પણ કાયદાનું ખોટું અર્થઘટન કરી અને આ કાયદો ભારતમાં જન્મેલ પણ વિદેશનું નાગરીકત્વ લીધેલ હોય તેને પણ લાગુ પાડવામાં આવે છે.**

જે કેસમાં શંકા લાગે તેમાં વધારાના પુરાવા માંગવામાં આવે તે માની શકાય પણ દરેક કેસમાં આવા જરૂરી અને બીનજરૂરી દસ્તાવેજો માંગી અને દર્દીની હાલાકીમાં વધારો કરવા સિવાય બીજુ કશું જ દેખાતુ નથી.

(૨) જે વ્યકિતને ઓર્ગન ડોનેશન પોતાના સંબંધી પાસેથી ન મળે ત્યારે તે વ્યકિત રાજય સરકાર ધ્વારા રાખવામાં આવતી રજીસ્ટ્રીમાં પોતાનું નામ નોંધાવી શકે છે.જે રાષ્ટ્રીય સ્તરની રજીસ્ટ્રી છે. આમાં ખાસ કરીને કીડનીના ટ્રાન્સપ્લાન્ટ માટે જે રજીસ્ટ્રી રાખવામાં આવે છે તેમાં દરેક રાજયમાં ડોમીસાઈલ/રેસીડેન્સી સર્ટીફીકેટ દર્દી પાસે માંગવામાં આવે છે. ભારતના ૨૮ રાજયમાં આ ડોમીસાઈલનો કાયદો અલગ અલગ છે. જે માટે ત્રણ વર્ષથી ૨૦ વર્ષ સુધીનો વ્યકિતએ તે રાજયમાં વસવાટ કરેલ હોવો જોઈએ.

૧૯૪૦ અંગ્રેજી ધ્વારા અને ભારતની આઝાદી પછી ભારતમાં રહેલ વ્યકિતને નાગરીકતા નકકી કરવા માટે અને ભારતના નવા બંધારણ પ્રમાણે અનુસુચીત જાતિ અને જનજાતિના લોકોને રાજય સરકારના લાભ આપવા માટે આ ડોમીસાઈલ / રેસીડેન્સીનો કાયદો બનાવવામાં આવેલ હતો.

૭૫ વર્ષ જુનો ડોમીસાઈલનો કાયદો હવે ભારતના દરેક રાજયમાં વ્યકિતનું ડોમીસાઈલ નકકી કરવા માટે વાપરવામાં આવે છે જે વ્યકિત કીડની માટેની રજીસ્ટ્રીમાં નામ નોંધવામાં માંગતા હોય

ભારતમાં એક અંદાજ પ્રમાણે ૩૦ ટકા લોકો પોતાના જન્મના રાજયથી બહાર બીજા રાજયમાં રહે છે. આવા વ્યકિતઓ અથવા તેમની સાથે રહેતા કુટુંબીજનો જો કીડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે અને તેમને કેડાવર રજીસ્ટ્રીમાં નામ નોંધાવવું હોય તો તે વ્યકિત જે તે રાજયના કાયદા પ્રમાણે બતાવવું પડશે કે તે વ્યકિત તે રાજયનો રહેવાસી છે ત્યારબાદ જ તેનું નામ કેડાવર રજીસ્ટ્રીમાં દાખલ થઈ શકે.

આવા કાયદાના રાજય સરકાર અને તેના અધીકારી ધ્વારા ખોટા અર્થઘટનના કારણે કીડની મેળવવા માટે રાહ જોતા અનેક દર્દીઓ જો ડોમીસાઈલની જોગવાઈ પૂર્ણ ન કરતા હોય તે વ્યકિત પોતાનું નામ રજીસ્ટર કરી શકાતું નહી.

જેમ કે, ગુજરાત બહારના રાજયમાંથી આવેલ અને ૨૦૧૫ થી ગુજરાતની કંપનીમાં કામ કરતા વ્યકિતને ગુજરાતની કીડનીની કેડાવાર રજીસ્ટ્રીમાં નામ હાઈકોર્ટના હુકમ બાદ નામ નોંધવામાં આવેલ છે. આ વ્યકિત દસ વર્ષથી ગુજરાતમાં રહેતો નથી તેથી તેને ડોમીસાઈલ સર્ટીફીકેટ ગુજરાત સરકારે આપવાની ના પાડેલ હતી.

અન્ય કેસમાં ગુજરાતમાં ૧૨ વર્ષથી રહેતા ભારતમાં જન્મેલ વ્યકિતને ગુજરાત સરકારે ડોમીસાઈલ આપવાની ના એટલે પાડી કે તે વ્યકિત કેનેડાનું નાગરીકત્વ ધરાવે છે.

આ પ્રમાણે જ અંગદાનના કાયદાનું અર્થઘટન કરવામાં આવે તો ભારતના પ્રધાનમંત્રી, આરોગ્યપ્રધાન, દરેક એમપી, આઈએએસ ઓફીસર, સુપ્રીમ કોર્ટના

જજીસ, લશ્કરમાં કામ કરતા જવાનો, ભારતની બહુરાષ્ટ્રીય કંપનીમાં બીજા રાજયોમાં કામ કરતા અધીકારીઓ, લઘુતમ વેતન સાથે રોજગારી માટે અન્ય રાજયમાં કામ કરતા માઈગ્રેન્ટ વર્કર, વિદેશનમાં કામ કરતા ભારતીય નાગરીકો જેઓ ડોમીસાઈલની જોગવાઈ પ્રમાણે તેમને ડોમીસાઈલ પોતાના કે નવા રાજયમાં મળતુ નથી અને આવા વ્યકિત કે તેમની સાથે રહેતા કુટુંબીજનને કીડનીની જરૂર પડે અને કેડવાર રજીસ્ટ્રીમાં નામ લખાવવા માટે જરૂરી ડોમીસાઈલ સર્ટીફીકેટ કેવી રીતે મળશે ? આ બહુ મોટી કાનુની સમસ્યા ઉભી થઈ છે જે તાત્કાલીક ધોરણે યોગ્ય માર્ગદર્શીકા અથવા નવા ઓગર્ન ડોનેશન માટે ડોમીસાઈલ માટે સમગ્ર ભારત માટે સમાન કાયદો બનાવવાની જરૂર છે.

આ રીતે ઓર્ગન ડોનેશનના કાયદાઓનું એટલી હદે ખોટું અર્થઘટન કરવામાં આવ્યુ છે કે દર્દીઓને અને તેના કુટુંબીજનોને દર્દની વ્યસ્થા સાથે હવે કાયદાકીય આંટીઘૂંટી વ્યથામાંથી પસાર જવું જરૂરી છે જે બીનજરૂરી છે.

ભારતમાંથી લાખો લોકો આપણી ભારત સરકાર ધ્વારા આપેલ જન્મનો દાખલો, મેરેજ સર્ટીફીકેટ, પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજોના આધારે વિદેશમાં કામ કરવા, ભણવા જવા અથવા કાયમી વસવાટના વીઝા વિદેશના સરકાર ધ્વારા આપવામાં આવે છે. પરંતુ રાજય સરકારના જ એક ડીપાર્ટમેન્ટના સરકારી અધીકારીને બીજા સરકારી ડીપાર્ટમેન્ટ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજો પર વિશ્વાસ નથી કે વિશ્વાસ કરવો નથી.